(**2**) In the **Letter of Acknowledgement of Debt (Document date) 04/10/2025** you have acknowledged your liability to the Bank to the tune of **Rs.391616.28/- as on 04/10/2025**. The outstanding stated above include further drawings and interest upto **30/09/2025**. (**3**) As you are aware, you have committed defaults in payment of interest on above Loans/out standing for the quarter ended **June** month of **2026.** You have also defaulted in payment of installments of term loan/demand loans which have fallen due for payments on **Mar 2026** and thereafter **(4)** Consequent upon the defaults committed by you, loan account has been classified as non-performing asset on **01/06/2026** in accordance with the reserve Bank of India directives and guidelines. In spite our repeated requests and demands you have ***not repaid the overdue loans including interest thereon*** **(5)** Having regard to your inability to meet your liabilities in respect of the credit facilities duly secured by various securities mentioned in para 1 above, and classification of your account as a non-performing asset, we hereby give you notice under sub-section (2) of section 13 of the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act. 2002. and call upon you to pay in full and discharge your liabilities to the Bank aggregating **Rs.366078.28/- + Rs.20871.31/- (Total Rs 386949.59/-) as on 05/07/2026- Other Charges (Rs Three Lacs Eig**hty **Six Thousand Nine Hundred Forty And Fifty Nine Paise only)** as stated in para I above within 60days from the date of this notice. We further give you notice the failing payment of the above amount with interest till the date of payment. We shall be free to exercise all or any of the rigths under sub-section (4) of section 13 of the said Act. which please note. **(6)** Please note that, interest will continue to accrue at the rates specified in para-1 above for each credit facility until payment in full. **(7)** We invite your attention to sub-section 13 of the said Act in terms of which you are barred from transferring any of the secured assets referred to in para-1 above by way of sale, lease or otherwise (other than in the ordinary course of business), without obtaining our prior written consent. We may add that non-compliance with the above provision contained in section 13 (13) of the said Act, is an offence punishable under section 29 of the Act. **(8) We further invite your attention to sub section (8) of section 13 of the said Act in terms of which you may redeem the secured assets, if the amount of dues together with all costs, charges and expenses incurred by the Bank is tendered by you, at any time before the date of publication of notice for public auction/inviting quotations/tender /private treaty. Please note that after publication of the notice as above, your right to redeem the secured assets will not be available. (9)** Please note that this demand notice is without prejudice to and shall not be construed as waiver of any other rights or remedies which we may have, including without limitation, the right to make further demands in respect of sums owing to us.

**Date: 03.08.2026 • Place : Vadnagar** **Sd/- (Kuldeep Anandsing Gehlot) Chief Manager, Bank of Baroda**

## Aadhar Housing Finance Ltd.

**Corporate Office:** Office Nos. 501 & 503, 5th Floor, Lightbridge, Saki Vihar Road, Andheri East, Mumbai Suburban (District) Maharashtra - 400072
**Idar Branch:** Shop- E-103, 1st Floor, Balaji Chambers, Near Bus Stand, Idar - 414003 (Gujarat)
**Himmatnagar Branch:** Office No. 213/A, 2nd Floor, Sum Complex 2, Motipura, PO. Himmatnagar, Dist. Sabarkantha - 383001 (Gujarat)

**APPENDIX IV POSSESSION NOTICE (for immovable property)**

Whereas, the undersigned being the Authorized Officer of **Aadhar Housing Finance Limited (AHFL**) under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act 2002 and in exercise of powers conferred under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules 2002, Demand Notice(s) issued by the Authorised Officer of the company to the Borrower(s) / Guarantor(s) mentioned herein below to repay the amount mentioned in the notice within **60 days** from the date of receipt of the said notice. The borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower(s) / Guarantor(s) and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him under Sub-Section (4) of the Section 13 of the said Act read with Rule 8 of the Security Interest Enforcement rules, 2002. The borrower's attention is invited to provisions of sub section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets. The borrower in particular and the public in general are hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of AHFL for an amount as mentioned herein under with interest thereon.

| Sr. No. | Name of the Borrower(s)/ Co-Borrower(s) (Name of the Branch) | Description of Secured Asset (Immovable Property) | Demand Notice Date & Amount | Date of Possession |
|---|---|---|---|---|
| 1 | (Loan Code No. 49010000043 / Idar Branch) Rajubhai Sedhabhai Chenva (Borrower) Sedhabhai Nathabhai Chenva & Sharmishthaben Rajubhai Chenva (Co-Borrowers) | All that piece and parcel of the property bearing, Milkat No. 586/1, Village Chenva Fadi, Keshapura-Aroda Road, Nr. Airtel Tower, Sabarkantha Gujarat - 383230. **Boundaries**: East: Property of Chenva Mohanbhai Motibhai, West: Road Than House of Ramabhai Kodarbhai Chenval, North: Open Plot of Rajubhai Adkhabhai Chenva, South: House of Chenva Bhikhabhai Motibhai | **10-11-2025 & ₹ 4,68,688/-** | **02-08-2026** |
| 2 | (Loan Code No. 03610000421 / Himmatnagar Branch) Jaydipsinh Kanusinh Rathod (Borrower) Kanusinh Rathod & Kapilaba Rathod (Co-Borrowers) | All that piece and parcel of the property bearing, GF Milkat No.4/21/1 Boriya Khurad, Boriya Village Himatnagar Sabar Kantha Gujarat - 383120 **Boundaries**: East: House of Parmar Vijaysingh Dipsingh, West: Godown Hemantbhai Patel, North: House of Rathod Dipsingh Kacharsinh, South: Road | **09-09-2025 & ₹ 3,49,111/-** | **02-08-2026** |

**Place : Gujarat**
**Date : 04.08.2026**

**Authorised Officer**
**Aadhar Housing Finance Limited**

## ઠાસરા તાલુકાના નેશ ગામે

# વરસાદ વચ્ચે મકાનની માટીની દિવાલ ધરાશાયી થતા સાસુ, વહુનું મોત : ત્રણને ઈજા



(તસ્વીર : મુકુંદ જોશી - ડાકોર)

ડાકોર, તા.૩

ઠાસરા તાલુકાના નેશ ગામે રહેતા પ્રવીણભાઈ પૂનમભાઈ વાળંદ અને તેમનો પરિવાર રાત્રિના સુમારે પોતાના ઘરે ઊંઘી રહ્યો હતો. તે સમયે વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. વરસાદના લીધે મકાન ભેજવાળું થતાં અચાનક અંદરના ભાગની માટીની દીવાલ મકાનની છતના મુખ્ય મોભ સાથે ધરાશાયી થઈ હતી. મકાનના ઉપરના માળનો ભાગ અને કાટમાળ નીચે ઊંઘી રહેલા પરિવારના તમામ પાંચ સભ્યો દબાઈ ગયા હતા. કાટમાળ નીચે દબાતાં પ્રવીણભાઈના ખભા પર મોભ પડવાથી તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ધડાકો થતાં જ આસપાસના ગ્રામજનો સ્થળ પર આવ્યા હતા અને કાટમાળ હટાવીને નીચે દબાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. ઘટનામાં પ્રવીણભાઈના ૬૦ વર્ષીય માતા કોકિલાબેન પૂનમભાઈ વાળંદનું માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઊડી

### ગામમાં અરેરાટી સાથે શોકની કાલીમા છવાઈ

ગયું હતું. જ્યારે પ્રવીણભાઈના ૩૪ વર્ષીય પત્ની સોહમબેન વાળંદ તથા તેમની બે સગીર પુત્રીઓ ૧૩ વર્ષીય નિશા અને ૮ વર્ષીય આરોહીને ગ્રામજનો દ્વારા સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને ડાકોર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ડાકોર હોસ્પિટલમાં સોહમબેનની તબિયત વધુ નાજુક બનતાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમને વધુ સારવાર અર્થે કરમસદ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ કરમસદ લઈ જતી વખતે રસ્તામાં સોહમબેને દમ તોડી દીધો હતો. બીજી તરફ બંને ઈજાગ્રસ્ત બાળકીઓ નિશા અને આરોહીને ડાકોર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે દાખલ કરી તેમની સારવાર ચાલુ રાખવામાં આવી છે.

ઘટનાની જાણ થતાં જ નેશ ગામના મહિલા સરપંચના પતિએ રાત્રિના સમયે જ ઘટનાસ્થળે પહોંચીને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવા તેમજ ત્વરિત સારવાર મળે તે માટેની વ્યવસ્થા કરી હતી. એક જ પરિવારના બે મહિલા સભ્યોના કરૂણ મોતની જાણ થતાં જ નેશ ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી અને ગામ શોકમગ્ન બની ગયું હતું.

આ દુઃખદ ઘટનાને પગલે નેશ ગામની મારુતિ હાઈસ્કૂલ ખાતે મૃતક બંને મહિલાઓને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.



## પાટણના કૉલેજ રોડ પર

# લેવલના અભાવે વરસાદનું પાણી ભરાતા સ્થાનિકોને મુશ્કેલી

પાટણ, તા.૩

પાટણના કોલેજ રોડ પર નવનિર્મિત સીસી રોડમાં લેવલના અભાવે ચોમાસા દરમિયાન પાણી ભરાઈ રહ્યા છે. જેના કારણે હજારો વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહીશોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે નગરપાલિકા અને જીયુડીસી એકબીજા પર જવાબદારી ઢોળી હાથ અધ્ધર કરી રહ્યા છે.

### પાલિકા અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટે જવાબદારી એકબીજા પર ઢોળી

તાજેતરમાં બનેલા આ સીસી રોડ પર સામાન્ય વરસાદમાં મોટા પ્રમાણમાં પાણી ભરાય છે. આ વિસ્તારમાં કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોવાથી દૈનિક હજારો વિદ્યાર્થીઓ અને નાગરિકોને પાણીમાંથી પસાર થવું પડે છે. રસ્તા પર ભરાતા પાણીને કારણે વાહનચાલકો અને પદયાત્રીઓ માટે અકસ્માતનો ભય રહેલો છે.તાજેતરમાં યોજાયેલી નગરપાલિકા સંકલન સમિતિની બેઠકમાં પાટણ ધારાસભ્ય દ્વારા આ સમસ્યા અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. આ બેઠક દરમિયાન નગરપાલિકાના તંત્રે જણાવ્યું હતું કે, આ રસ્તાનું કામ (ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન) દ્વારા કરવામાં આવ્યું છે. બીજી તરફ, અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, આ સીસી રોડનું નિર્માણ કાર્ય નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે.બંને તંત્રો વચ્ચે જવાબદારીની આ ખેંચતાણને કારણે માર્ગની કાયમી સફાઈ કે લેવલિંગનું કામ અટવાઈ પડ્યું છે, જેના પરિણામે પ્રજાને સતત હાલાકી ભોગવવી પડી રહી છે.જેના કારણે વિસ્તારના રહીશો સહિત વિદ્યાર્થીઓમા તંત્ર પ્રત્યે રોષ જોવા મળ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં વરસાદે વિરામ લેતા પ્રજાને રાહત

મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લામાં આજે ત્રુટક ત્રુટક વરસાદી છાંટી પડ્યા છે એટલે આજે વરસાદે વિરામ લીધો છે. જયારે ગત રોજ માલપુરમાં માત્ર ૧થી દોઢ ઈંચ વરસાદમાં જ દુકાનોમાં કમરસમા પાણી ભરાઈ જતા મોટુ નુકસાન થવા પામ્યું છે, તેમજ માલપુર એસ.ટી. ડેપો વિસ્તારમાં જળબંબાકારથી લોકોએ હાલાકી ભોગવી હતી. આ વિસ્તારમાં છેલ્લા ૪ વર્ષથી રહીશો મુશ્કેલી વેઠી રહ્યા છે. સત્વરે કાયમી ઉકેલ નહીં આવશે તો અનશન સાથે જન આંદોલનની ચિમકી પ્રજાએ

### માલપુરમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો

ઉચ્ચારી છે અને અરવલ્લી જિલ્લામાં જુલાઈ માસમાં ૩૨.૬૧ ટકા વરસાદ વરસ્યો છે. જિલ્લામાં ચાલુ વર્ષે ખરિફ વાવેતર ૧.૬૬ લાખ હેક્ટરમાં સંપન્ન થતા સરેરાશ ૮૪ ટકા વાવેતર થયું છે. વરસાદમાં જિલ્લામાં ૨૦ ટકા ઘટ હોવા છતાં ગત વર્ષ કરતા ૨૪ હજાર હેક્ટરમાં વાવેતર વધ્યું છે.

જ્યારે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં છૂટોછવાયો વરસાદ થયો છે. ગત રોજ ઈડરમાં અઢી ઈંચ વરસાદ હિંમતનગરમાં પોણા બે ઈંચ વરસાદ અને વડાલી તથા પોશીનામાં ૧ ઈંચ વરસાદ પડ્યો છે. જિલ્લામાં તલોદ તાલુકામાં સૌથી વધુ ૨૩ ઈંચ વરસાદ અને સૌથી ઓછો ખેડબ્રહ્મામાં ૭ ઈંચ વરસાદ થયો છે. જ્યારે ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શનિવારે ભારે વરસાદથી વાંઘામાં પાણી આવી જતા મુશ્કેલી સર્જાઈ હતી. ઉમેદગઢ પાસે વાંઘાના પાણીમાં તણાયેલો ગોવાળ ઝાડ ઉપર ચઢી જતા ૩ કલાકથી ફસાયેલા ગોવાળને ફાયર બ્રિગેડની ટીમે ગોવાળને દોરડા વડે સલામત બહાર કાઢ્યો હતો.

## ચાલકે કાબૂ ગુમાવતા બટાકા ભરેલી ટ્રક પલટી ગઈ

પાટણ, તા.૩

સિદ્ધપુર શહેરના દેથળી ચાર રસ્તા નજીક બટાકા ભરેલી ટ્રકના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટ્રક પલટી મારી ગઈ હતી જેના કારણે ટ્રક ભરેલ બટાકાની બોરીઓ રોડ પર વિખેરાઈ હતી. જો કે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હોય લોકોએ રાહત અનુભવી હતી.

બનાવની મળતી માહિતી મુજબ, પાલનપુર થી ઊંઝા તરફ બટાકાનો જથ્થો લઈ જતી ટ્રકના ચાલકના સ્ટેરિંગ પરનો કાબૂ બહાર જતાં ટ્રક રોડ પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતને કારણે બટાકાની બોરીઓનો જથ્થો રોડ પર ફેલાઈ ગયો હતો. આ ઘટનાને પગલે થોડા સમય માટે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. અકસ્માત સમયે ટ્રકની આસપાસ અન્ય કોઈ વાહન કે રાહદારી ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી અને કોઈને ઈજા થઈ ન હતી.


Prabha Energy Limited **પ્રભા એનર્જી લિમિટેડ** CIN: L40102GJ2009PLC057716

રજિસ્ટર્ડ ઓફિસ: 12એ, અભિશ્રી કોર્પોરેટ પાર્ક, સ્વાગત BRTS બસ સ્ટેન્ડ સામે, આંબલી-બોપલ રોડ, બોપલ, અમદાવાદ-380058, ગુજરાત.

Ph: (02717) 488611, E-mail: cs@prabhaenergy.com, Web: www.prabhaenergy.com

**૧૭મી વાર્ષિક સામાન્ય સભા માટે શેરધારકોને નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે પ્રભા એનર્જી લિમિટેડ ("કંપની") ના સભ્યોની ૧૭મી વાર્ષિક સામાન્ય સભા ("AGM") મંગળવાર, ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે વિડિયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા યોજાશે, જેમાં એજીએમ (AGM) બોલાવતી નોટિસમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે, જે સભ્યોને મોકલવામાં આવશે.

કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર ક્રમાંક 20/2020 તારીખ ૦૫ મે, ૨૦૨૦ ને અનુક્રમે પરિપત્ર ક્રમાંક 14/2020, 17/2020, 09/2023 અને 09/2024 તારીખ ૦૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ સાથે વાંચતા (સંયુક્ત રીતે "પરિપત્રો" તરીકે ઓળખાતા), એક સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક ઉપસ્થિતિ વિના, VC/OAVM ના માધ્યમથી AGM યોજવાની મંજૂરી આપેલ છે. કંપની અક્ટ, ૨૦૧૩, સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ અને MCA ના પરિપત્રોની જોગવાઈઓના પાલનમાં, કંપનીની ૧૭મી વાર્ષિક સામાન્ય સભા VC/OAVM ના માધ્યમથી યોજાશે.

સદર પરિપત્રો અનુસાર, AGM ની નોટિસ વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ (Annual Report 2025-26) સાથે માત્ર તેવા સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-મેઈલ) દ્વારા મોકલવામાં આવશે જેમના ઈ-મેઈલ એડ્રેસ કંપની / RTA / ડિપોઝિટરીઝ પાસે નોંધાયેલા છે. જે સભ્યોના ઈ-મેઈલ એડ્રેસ નોંધાયેલા નથી, તેમને ટપાલ (Post) દ્વારા ભૌતિક પત્ર મોકલવામાં આવશે, જેમાં વિગતવાર વાર્ષિક અહેવાલ મેળવવા માટેની વેબ લિંક આપેલ હશે. સભ્યો નોંધ લે કે AGM ની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ કંપનીની વેબસાઈટ www.prabhaenergy.com પર તેમજ સ્ટોક એક્સચેન્જો એટલે કે BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડની અનુક્રમે વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

સભ્યો માત્ર VC/OAVM સુવિધા દ્વારા જ AGM માં હાજરી આપી શકશે અને ભાગ લઈ શકશે. AGM માં જોડાવા માટેની સૂચનાઓ અને ઈ-વોટિંગ (e-voting) ની પ્રક્રિયા AGM ની નોટિસમાં આપવામાં આવશે. VC/OAVM દ્વારા સભામાં હાજરી આપનારા સભ્યોની ગણતરી કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ અનુસાર કોરમ (Quorum) ના હેતુ માટે કરવામાં આવશે.

કંપની તેના તમામ સભ્યોને AGM ની નોટિસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર પોતાનો મત આપવા માટે રિમોટ ઈ-વોટિંગ ("remote e-voting") ની સુવિધા પૂરી પાડી રહી છે. આ ઉપરાંત, કંપની AGM દરમિયાન પણ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. રિમોટ ઈ-વોટિંગ / ઈ-વોટિંગ સુવિધા માટેની વિગતવાર પ્રક્રિયા AGM ની નોટિસમાં દર્શાવવામાં આવી છે.

કંપનીના તમામ ઈક્વિટી શેર્સ ડિમટીરિયલાઈઝ્ડ (Dematerialised) સ્વરૂપમાં હોવાથી, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના નામે, ટપાલ સરનામે, ઈ-મેઈલ એડ્રેસ, મોબાઈલ નંબર, પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN), નોમિનેશન, બેંક એકાઉન્ટની વિગતો અથવા અન્ય KYC વિગતોમાં કોઈ ફેરફાર હોય તો તે સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (DP) ને જાણ કરે. સભ્યોને કંપની તરફથી તમામ સૂચનાઓ ઈલેક્ટ્રોનિક માધ્યમથી પ્રાપ્ત કરવા માટે તેમના ઈ-મેઈલ એડ્રેસ સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અદ્યતન (Update) થયેલા છે તેની ખાતરી કરવા પણ વિનંતી છે.

આ નોટિસ કંપનીના તમામ સભ્યોની જાણકારી અને લાભ માટે બહાર પાડવામાં આવી છે અને તે MCA ના પરિપત્ર/પરિપત્રો અને SEBI ના પરિપત્રના પાલનમાં છે.

બોર્ડના આદેશથી,
પ્રભા એનર્જી લિમિટેડ વતી
(સહી)
નિકિતા અગ્રવાલા
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ : અમદાવાદ
તારીખ: ૦૪/૦૮/૨૦૨૬


## પાટણમાં ગાજવીજ સાથે મેઘરાજાની પધરામણી

પાટણ, તા.૩

હવામાન વિભાગની આગાહીના પગલે શનિવારની બપોરે પાટણ શહેરમાં ગાજવીજ સાથે મેઘરાજાની પધરામણી થતા ઠેર ઠેર જળબંબાકાર ની સ્થિતિ સર્જવા પામી હતી.

ચાલુ વરસાદે પાટણ શહેરના રેલવે ગરનાળા નજીક દિવ્ય આશિષ કોમ્પલેક્ષ નજીક રેલવે વિભાગ ની દિવાલ ધરાશાયી બનતા દિવાલ ની આડશમાં પાર્ક કરેલ બોલેરો ગાડી અને એક બાઈક ને નુકસાન પહોચ્યું હતું જોકે કોઈ જાનહાની ન થતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો. બનાવને પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યાં હતાં.

# સાબરડેરી દ્વારા અરવલ્લીના જંગલોને હરિયાળુ બનાવવા માટે આયોજન

મોડાસા, તા.૩

ગ્લોબલ વોર્મિંગ આજે માનવ જીવન માટે એક વૈશ્વિક ચેતવણી બની રહી છે અને પૃથ્વીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે જેનો અનુભવ વર્તમાન વર્ષે સૌને થઈ રહ્યો છે. પ્રકૃતિના સંરક્ષણ જ ફક્ત આજની જરૂરિયાત છે. બલકે આગામી પેઢી પ્રત્યે આપણી નૈતિક જવાબદારી છે. વધતા તાપમાન વચ્ચે સૌથી મોટી હરિયાળી બનાવવી તે સૌથી મોટી જરૂરિયાત બની ગઈ છે. બંને જિલ્લાની સાબર ડેરી દ્વારા પાછલા ૧૮ વર્ષથી સામૂહિક વૃક્ષારોપણ અભિયાન હેઠળ દૂધ સહકારી મંડળીઓ અને સમિતિઓના સદસ્યોની ભાગીદારીથી વૃક્ષારોપણ થઈ રહ્યું છે.

સાબરડેરી દ્વારા છેલ્લા ૨ વર્ષથી શામળાજી સ્થિત અરવલ્લીના જંગલોમાં સીડ બોલ અને બીજોનો છંટકાવ થઈ રહ્યો છે. આ ક્રમમાં ચાલુ વર્તમાન વર્ષમાં પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જવાબદારીના રૂપમાં સાબર ડેરી દ્વારા ૩૦ જુલાઈ ૨૦૨૬ના રોજ શામળાજી સ્થિત અરવલ્લીના જંગલોને વર્ષોથી વધુમાં વધુ હરિયાળીવાળુ ગાઢ જંગલ બનાવવાના શુભહેતુથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રી પી.સી. બરંડા, જિલ્લા ભાજપ પ્રમુખ ભીખાજી ઠાકોર, સાબર ડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ રણવીરસિંહ ડાભી વકીલ, સાબરડેરીના ડિરેક્ટર અને પૂર્વ વાઈસ ચેરમેન જયંતિભાઈ પટેલ અને સાબરડેરીના ડિરેક્ટર શામળભાઈ પટેલ - મોડાસા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


**જાહેર નોટીસ કમ આખરી ચેતવણી**



આથી તમામ સંબંધિત અને આસપાસના જાહેર જનતાને આ નોટીસથી જણાવવાનું કે હું મેનપરા સોનલ શશીકાન્તભાઈ ઉ.વ.આ. ૩૭, ધર્મે હિંદુ, રહેવાસી મોટા વડાળા, તા. કાલાવડ, જી. જામનગર આ જાહેર નોટીસ મારફતે સ્પષ્ટ ચેતવણી આપું છું કે :

૧. શ્રીમતી મેનપરા સોનલ શશીકાન્તભાઈ અમો ને છેલ્લા કેટલાક સમયથી અમુક અસામાજિક / અજાણ્યા / ઓળખીતા અને પરીવારના શભ્યો માવતર પક્ષના સભ્યો દ્વારા અસભ્ય વર્તન, માનસિક તણાવ, ફોન મારફતે કે પ્રત્યક્ષ રીતે પીછો કરીને (સ્ટોકીંગ), અથવા સામાજીક રીતે બદનામ કરવાની કોશિશ કરીને સતત પજવણી અને હેરાનગતી કરવામાં આવી રહી છે. અમો ને અમારા માવતર પક્ષ સાથે કોઈપણ સબંધો નથી કે અમો રાખવા માંગતા નથી.

૨. આથી આ જાહેર નોટીસ મારફતે સંબંધિત તમામ વ્યક્તિઓ / તત્વોને આખરી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ શ્રીમતી મેનપરા સોનલ શશીકાન્તભાઈ તથા તેમની સાથે રહેતા સભ્યોની કોઈપણ પ્રકારની પજવણી, ગેરવર્તણ કે માનસિક હેરાનગતી તાત્કાલીક અસરથી બંધ કરી દેવી.

૩. જો આ નોટીસ પ્રસિધ્ધ થયા પછી પણ કોઈપણ વ્યક્તિ કે ઈસમ દ્વારા અમો મહિલા કે અમારી સાથે રહેતા સભ્યોની પજવણી કરવાનો પ્રયાસ કરવામાં આવશે, તો તેમની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા આઈ.ટી.એક્ટ (IT Act) ની સંબંધિત કડક કલમો હેઠળ પોલીસ ફરિયાદ (FIR), ફોજદારી કાયદાકીય કાર્યવાહી અને માનહાનિનો દાવો (Defamation Suit) દાખલ કરવામાં આવશે.

૪. આ પ્રકારની કાયદાકીય કાર્યવાહીથી થનારા તમામ ખર્ચ અને પરિણામોની સંપુર્ણ જવાબદારી પજવણી કરનાર વ્યક્તિઓની પોતાની રહેશે.

તારીખ : ૦૩/૦૮/૨૦૨૬, સ્થળ : રાજકોટ.

મારી સુચનાથી
નોટીસ આપનારની સહી (મેનપરા સોનલ એસ.)
નોટીસ આપનાર : શ્રીમતિ મેનપરા સોનલ શશીકાન્તભાઈ,
રહે. મોટા વડાળા, તા. કાલાવડ, જી. જામનગર

તે અમારા અસીલની સુચના અનુસાર
એ.આર.બાંભવા (એડવોકેટ)
તાલુકા સેવા સદન સામે પડધરી,
તા. પડધરી, જી. રાજકોટ


## ચાલુ મહિનાની સામાન્ય સભા પ્રમુખ જયશ્રીબેનના અધ્યક્ષ પદે યોજાઈ

મોડાસા, તા.૩

ગુજરાત નગરપાલિકાના અધિનિયમ મુજબ નિર્ધારીત જુલાઈ માસની સામાન્ય સભા પ્રમુખ જયશ્રીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં કારોબારી સમિતિના ચેરમેન અનિલભાઈ પટેલ સભ્ય વ્રજ જયેશભાઈ પટેલ અને અમૃતભાઈ પરમાર તથા શાહ જીમીત વિનોદચંદ્ર તેમજ વિપક્ષ નેતા શાહનવાજ મલેક અને મોહંમદ સાયેબ જેથરા (લાલા વાયરમેન) તથા ઈશરતબાનુ કાદરઅલી સૈયદ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો. ચીફ ઓફીસર ભદ્રેશભાઈ પટેલ હાજર હતા.

આ સામાન્ય સભામાં ડીસેન્ટલાઈઝ કેટલ પોન્ડ-૧૦ હજાર ચો.મી. બાજકોટ જમીનમાં રૂ.૨.૬૧ કરોડની ગ્રાન્ટમાં પ્રોજેક્ટ હાથ ધરાશે. એનિમલ બર્થ કન્ટ્રોલ ચાંદટેકરીના ૨૫૦૦ ચો.મી. જમીનમાં રૂા.૨.૩૯ કરોડમાં પ્રોજેક્ટ હાથ ધરાશે તથા ચિલ્ડ્રન પાર્ક ખલીકપુરની ૪૦૦૦ ચો.મી.માં હાથ ધરાશે તેમજ બ્યુટીફીકેશન પ્રોજેક્ટ સમગ્ર નગરમાં રૂા.૧.૨૫ના કરોડના ખર્ચે હાથ ધરાશે જયારે ડુંગરવાડા-ભેરૂન્ડા રોડને દોડતો કેનાલ રોડ હવે સીસી રોડ બનશે.

## મોડાસામાં ઉમિયા માતાજી મંદિરના પૂર્વ પ્રમુખ મોહનભાઈ પટેલનું અવસાન થયું

મોડાસા, તા.૩

મોડાસાના ઉમિયા માતાજી મંદિરના પૂર્વ પ્રમુખ મોહનભાઈ પટેલનું અવસાન થતા કચ્છ પાટીદાર સમાજમાં શોકનું વાતાવરણ સર્જાયુ છે. પટેલ મોહનભાઈ દેવસીભાઈ મોડાસા ખાતેની સહકારી જીનમાં સતત ૨૮ વર્ષ સુધી ચેરમેન રહ્યા હતા.

સરસ્વતી વિદ્યાલયમાં વર્ષો સુધી પ્રમુખ રહ્યા હતા તેઓ મોડાસાના પીઢ સહકારી આગેવાન નેતા હતા તેમજ મોડાસામાં આવેલ મિની ઊંઝા ઉમિયા માતાજી મંદિરમાં નિષ્ઠાપૂર્વક પ્રમાણીકતાથી પ્રમુખ તરીકે સેવા આપી હતી. ઉમિયા મંદિરના મહંત શાસ્ત્રી વિષ્ણુપ્રસાદએ સ્વ.મોહનભાઈ પટેલ, ભાવભીની શ્રધ્ધાંજલિ આપી હતી તેમજ મોડાસા માર્કેટયાર્ડના ચેરમેન પંકજભાઈ પટેલ, મોડાસા સહકારી જીનના ચેરમેન વિમલભાઈ પટેલ, સરસ્વતી વિદ્યાલયના પ્રમુખ રાજુભાઈ પટેલ, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ડો. હરીભાઈ પટેલ તથા ભાજપના વરિષ્ઠ નેતા કનુભાઈ રવજીભાઈ પટેલએ શ્રધાંજલિ વ્યક્ત કરી છે.



(તસ્વીર : ફારુક ચૌહાણ - વઢવાણ)

## ભારતીય સેનાના ગોલ્ડન કટાર ગનર્સે

# સુરેન્દ્રનગરમાં પૂર રાહત અને બચાવ કાર્ય કરી ફસાયેલા નાગરિકોને બચાવ્યા

વઢવાણ, તા.૩

સુરેન્દ્રનગર જિલ્લામાં સતત ભારે વરસાદને કારણે વ્યાપક પાણી ભરાઈ ગયા છે અને પૂર આવ્યું છે, જેના કારણે સ્થાનિક જનજીવન પર ગંભીર અસર પડી છે. આ સમયગાળા દરમિયાન, ધ્રાંગધ્રામાં નાગરિક વહીવટીતંત્ર તરફથી સહાય માટે અસંખ્ય કટોકટી વિનંતીઓ આર્મીને મળી હતી.

### પાણી નિકાલની ખાત્રી કરવા દિવાલો તોડી પાડવામાં આવી

પરિસ્થિતિની ગંભીરતાને ઓળખીને, ભારતીય સેનાના ગોલ્ડન કટાર ગનર્સે ધ્રાંગધ્રા આર્મીના બ્રિગેડિયર મનુજ ગર્ગના માર્ગદર્શન હેઠળ નાગરિક વહીવટીતંત્ર સાથે ગાઢ સંકલનમાં, પૂર રાહત ટીમોને તૈનાત કરી. બચાવ ટીમોએ યુદ્ધ જેવી કામગીરી હાથ ધરી, પાણીના નિકાલની ખાતરી કરવા માટે જરૂરી સ્થળોએ દિવાલો તોડી પાડી, પૂરગ્રસ્ત વિસ્તારોને સાફ કર્યા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લીધા.

બીજા ઈમરજન્સી કોલ મળતાં, ગોલ્ડન કટાર ગનર્સની બચાવ ટીમ દુદાપુર ગામમાં પહોંચી, જ્યાં પૂરના પાણીમાં ફસાયેલા ઘણા ગ્રામજનોને બચાવી લેવામાં આવ્યા અને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા. દુદાપુર ગામમાં લગભગ ચાર કલાક ચાલેલા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરી દરમિયાન, સેનાએ ફસાયેલા આઠ નાગરિકોને બચાવ્યા અને એકાંતવાસ પામેલા ગ્રામજનોને આવશ્યક સહાય પૂરી પાડી.


**पंजाब नैशनल बैंक punjab national bank** (pnb)

એસએએમડી, સર્કલ ઓફીસ, છઠ્ઠો માળ, ગુજરાત ભવન, એલીસબ્રીજ, અમદાવાદ.
ઈ-મેલઃ coahmsamd@pnb.bank.in, ફોનઃ ૯૬૨૪૪ ૨૧૭૫૧ (શ્રી રાધે શ્યામ સુથાર)

**ઈ-હરાજીની તારીખ અને સમયઃ તારીખઃ ૨૪.૦૮.૨૦૨૬, સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાકે**

**ઈએમડી અને બીડ ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમયઃ તારીખ ૨૪.૦૮.૨૦૨૬, સમયઃ બપોરે ૩:૦૦ વાગ્યા સુધી**

**નિરીક્ષણની તારીખ અને સમયઃ તારીખઃ તારીખ ૨૧.૦૮.૨૦૨૬, સમયઃ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ સુધી**

**સ્થાવર મિલકત વેચવા માટેની વેચાણ નોટીસ**

ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૯(૧) ની જોગવાઈ સાથે વંચાણે લેતા સ્થાવર / જંગમ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટિસ.

જાહેર જનતાને સામાન્ય રીતે અને વિશેષ રીતે દેણદાર(રો) તેમજ જામીનદાર(રો)ને અત્રે નોટિસ આપવામાં આવે છે કે નીચે આપેલ સ્થાવર / જંગમ મિલકત કે જે સિક્યોર્ડ લેણદારને ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે અને પંજાબ નેશનલ બેંક/સિક્યોર્ડ લેણદાર ના અધિકૃત અધિકારી દ્વારા કન્સ્ટ્રકટીવ/પ્રત્યક્ષ/સાંકેતિક કબજો લેવામાં આવ્યો છે, તે જેમ છે જ્યાં છે અને જે છે તે ના આધારે પંજાબ નેશનલ બેંકે નીચે ઉલ્લેખ કરેલ દેણદાર(રો) ગીરોદાર(રો) તેમજ જામીનદાર(રો) પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચવામાં આવશે. રિઝર્વ કિંમત અને ઈએમડી સંબંધિત મિલકત સામેના ખાતામાં જમા કરાવવાની રહેશે.

**સુરક્ષિત મિલકતોનું વર્ણન**

| લોટ નં. | શાખા નું નામ / એકાઉન્ટનું નામ / કરજદાર / જામીનદારોનું એકા. નામ અને સરનામું | અચલિત મિલકતોની વિગતો ગીરોદાર / માલિકોના નામ (ગીરો મિલકતો) | (ઈ) સરફેસી એક્ટ ૨૦૦૨ના ૧૩(૨) અંતર્ગત ડિમાન્ડ નોટીસ તારીખ (એફ) બાકી રકમ (જી) સરફેસી એક્ટ ૨૦૦૨ના સેકશન ૧૩(૪) અંતર્ગત કબજા તારીખ (એચ) કબજાનો પ્રકાર સાંકેતિક / પ્રત્યક્ષ / કન્સ્ટ્રકટીવ | એ) રીઝર્વ કિંમત / બી) ઈએમડી / સી) બીડ વધારવાની રકમ | ઈ-હરાજીની તારીખ / સમય |
|---|---|---|---|---|---|
| ૦૧ | સ્વ. સમીમબેન સલીમભાઈ મીર (પ્રવિણ સલીમ ભાઈ મીર જે સ્વ. સમીમબેન સલીમ ભાઈ મીર ના કાનૂની વારસદાર<br>ગાંધીનગર શાખા | સ્થાઈ મિલકતનો તમામ ભાગ અને હીસ્સો, મૌજે અલુવા, તાલુકા કલોલ, રજીસ્ટ્રેશન જીલ્લો ગાંધીનગર અને પેટા જીલ્લો કલોલ, ગુજરાત, બ્લોક નં. એ, પહેલા માળે, ફ્લેટ નં. એ/૧૦૨, બીલ્ટ-અપ એરીયા ૫૫/૧૮/૪૫ ચો.મી., ૬૫.૭૬ ચો.મી. સરખાભાગની અવિભાજીત જમીનનો ભાગ, શ્રી બાલાજી લક્ષ્મી થી જાણિતી સ્કીમ, એન.એ. જમીન ઉપર બાંધકામ, બ્લોક/સર્વે નં. ૪૭૬ (જુનો સર્વે નં. ૬૪૫), ક્ષેત્રફળ ૫૨૬૧ ચો.મી. માલિકીઃ મૃતક સમીમબેન સલીમભાઈ મીર. ચતુર્સીમાઃ ઉત્તરઃ રોડ, દક્ષિણઃ ફ્લેટ નં. ૧૦૩, પૂર્વઃ બ્લોક નં. સી, પશ્ચિમઃ ખુલ્લો પ્લોટ. | ઈ) ૧૭.૧૦.૨૦૨૪<br>એફ) રૂા. ૧૨,૪૪,૭૯૯.૮૦ + વ્યાજ અને ચાર્જીસ – વસૂલાત જો હોય તો<br>જી) ૨૮.૦૯.૨૦૨૫<br>એચ) પ્રત્યક્ષ | એ) ૭,૫૭,૦૦૦/-<br>બી) ૭૫,૭૦૦/-<br>સી) ૫,૦૦૦/- | તારીખઃ ૨૪.૦૮.૨૦૨૬<br>સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |
| ૦૨ | શ્રી કેયુરભાઈ મહેશભાઈ ઉપાધ્યાય<br>એસપી કોલોની શાખા, અમદાવાદ | શ્રી કેયુરભાઈ મહેશભાઈ ઉપાધ્યાયની મિલકતનો તમામ ભાગ અને હીસ્સો, એનએ જમીન, ફ્લેટ નં. એ/૭૦૪, સાતમા માળે, વેદીકા રેસીડેન્સી, જમીનનો સર્વે નં. ૫૭/૧, ૫૭/૨ અને ૫૭/૬ અને જમીન એરીયા ૭૩.૦૦ ચો.વાર. નારોલ, અસલાલી હાઈવે, નારોલ, અમદાવાદ – ૩૮૦૦૦૫. ચતુર્સીમાઃ પૂર્વઃ સોસાયટી જનરલ રોડ, પશ્ચિમઃ ફ્લેટ નં. એ/૭૦૧, ઉત્તરઃ ફ્લેટ નં. એ/૭૦૩, દક્ષિણઃ સોસાયટી કોમન પ્લોટ. | ઈ) ૧૬.૦૫.૨૦૧૯<br>એફ) રૂા. ૯,૯૨,૨૯૮.૧૨ + વ્યાજ અને ચાર્જીસ – વસૂલાત જો હોય તો<br>જી) ૦૩.૦૩.૨૦૨૪<br>એચ) પ્રત્યક્ષ | એ) ૬,૫૩,૦૦૦/-<br>બી) ૬૫,૩૦૦/-<br>સી) ૫,૦૦૦/- | તારીખઃ ૨૪.૦૮.૨૦૨૬<br>સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |
| ૦૩ | શ્રીમતી નીશી ચીરાગ શેઠ અને શ્રી ચીરાગ પ્રદીપકુમાર શેઠ<br>એસ.પી. કોલોની શાખા, અમદાવાદ | મોર્ગેજ ફ્લેટ નં. ૭૦૭, ૭મા માળે, બ્લોક-બી, એન.એ. જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૭/૩/૧, ૫૭/૩/૨, ટી.પી. સ્કીમ નં. ૫૭, પ્લોટ નં. ૮૩, મૌજે નારોલ સીટી, અમદાવાદ જીલ્લો, ક્ષેત્રફળ ૬૭ ચો.વાર એટલે કે ૫૬.૦૨ ચો.મી. વેદીકા રેસીડેન્સી, મૌજે નારોલ, આકૃતી ટાઉનશીપ રોડ પાસે, નારોલ, તાલુકા નારોલ, જીલ્લો અમદાવાદ – ૩૮૨૪૦૫. | ઈ) ૩૧.૦૮.૨૦૨૩<br>એફ) રૂા. ૧૧,૨૧,૨૬૫.૫૦ + વ્યાજ અને ચાર્જીસ – વસૂલાત જો હોય તો<br>જી) ૨૨.૦૨.૨૦૨૪<br>એચ) સાંકેતિક | એ) ૭,૩૮,૦૦૦/-<br>બી) ૭૩,૮૦૦/-<br>સી) ૫,૦૦૦/- | તારીખઃ ૨૪.૦૮.૨૦૨૬<br>સમયઃ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |

**સિક્યોર્ડ ક્રેડિટરની જાણમાં હોય તેવા બોજાની વિગતોઃ જાણમાં નથી**

વેચાણ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨માં નિર્ધારિત નિયમો અને શરતો અને વધારાની શરતોને આધીન રહેશે. (૧) મિલકતોનું જેમ છે જે છે તે છે અને જે કાંઈ ત્યાં છે ના આધારે વેચાણ થશે. (૨) સૂચિમાં આપેલ સિક્યોર્ડ અસ્કયામતોની માહિતી અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ જાણકારી મુજબ દર્શાવેલ છે છતાં અધિકૃત અધિકારી આ જાહેરાતમાં કોઈપણ ભુલ, ગેરનિવેદન કે બાકી રહી જવું હોય તો જવાબદાર રહેશે નહીં. (૩) વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટઃ https://baanknet.com પર પૂરા પાડવામાં આવેલ ઈ-હરાજી પ્લેટફોર્મ દ્વારા તા. ૨૪.૦૮.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૪ વાગ્યા સુધી કરવામાં આવશે. (૪) વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને https://baanknet.com અથવા www.pnbindia.in નો સંદર્ભ લો અથવા ક્યુઆર કોડ સ્કેન કરો.

સરફેસી કાયદો ૨૦૦૨ હેઠળ નિયમ ૯(૧) મુજબ સ્ટેચ્યુટરી વેચાણ નોટીસ

નોંધઃ વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણવામાં આવશે.

તારીખઃ ૦૪.૦૮.૨૦૨૬, સ્થળઃ અમદાવાદ
અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત લેણદાર